# પ્રથમ વડા પુરોહિત અહરોન

## ફાધર વર્ગીસ પોલ

મિસર દેશમાં દેશવટો ભોગવી રહેલા ઈસાયલીઓને એમની ગુલામીમાંથી મુક્ત કરવા ઈશ્વરે મોશેને પસંદ કર્યો. પણ મોશે એ વાંધો ઉઠાવ્યો કે પોતાની “વાણી અને જીભ મંદ છે” ત્યારે ઈશ્વરે મોશેને તેના સગા ભાઈ અહરોનને તેના વક્તા અને મદદનીશ તરીકે આપ્યો. આમ, બાઈબલમાં મોશેના સગીર ભાઈ અને મદદનીશ તરીકે આપણને અહરોનનો પરિચય થાય છે. લેવી વંશનો અહરોન આશરી ઈ.સ. પુર્વે 13મી સદીમાં જીવી ગયો. તેણે યહૂદા વંશની એલિશેબા સાથે લગ્ન કર્યું હતું અને એમને નાબાદ, અબીદ, એલાઝાર અને ઈથઝાર નામે ચાર બાળકો હતાં.

ઈશ્વરની દોરવણીથી અહરોન રણ પ્રદેશમાં ગયો અને ઈશ્વરના પર્વત ઉપર તે પોતાના નાના ભાઈ મોશેને મળ્યો અને બન્ને ભેટી પડયા. મોશેએ અહરોનને મિસરની ગુલામીમાંથી ઈસાયલીઓને મુક્ત કરવાનો ઈશ્વરનો આદેશ અને એ માટે એને મળેલી પરચા કરવાની શક્તિની બધી વાતો કરી. પછી મોશેએ અને અહરોને મિસરના રાજા ફારુન પાસે જઈને ઈશ્વરના આદેશ મુજબ ઈસાયલીઓને રણમાં જઈ પ્રભુના મનમાં ઉત્સ્વ ઊજવવાની પરવાનગી માગી.

રાજાએ એમને રજા આપવાને બદલે મિસરી મુકરદમોને ઈસાયલીઓ ઉપર વધારે જુલમ ગુજારવાનો આદેશ આપ્યો. મિસરના રાજા ફારુનની આજ્ઞાથી પોતાનાં કામનો બોજો વધારવા બદલ ઈસાયલીઓ બન્ને ભાઈ-મોશે અને અહરોન – ઉપર આક્ષેપ મૂકવા લાગ્યા. “તમે આ કેવું કામ કર્યું એ પ્રભુ જુએ અને તમને સજા કરે. કારણ, તમે અમને ફારુન અને તેના અમલદારોની નજરમાં અકારા બનાવી દીધા છે અને અમારી કતલ કરવા તેમના હાથમાં તલવાર મૂકી છે.”

પ્રભુના પ્રેર્યા ફરી મોશે અને અહરોન રાજા ફારુનની આગળ ગયા અને પ્રભુએ આજ્ઞા કરી હતી તે પ્રમાણે તેમણે કર્યું. અહરોને ફારુન અને તેના દરબારીએ આગળ પોતાની લાકડી નાખી દીધી અને તે સાપ બની ગઈ.

પછી રજાએ પંડિતોને અને ભૂવાઓને બોલાવ્યા અને મિસરના એ જાદુગરોએ પણ પોતાની મેલી વિધ્યાથી એ જ કરી બતાવ્યું. દરેકે પોતાની લાકડી ભોંય પર નાખી દીધી અને તે સાપ બની ગઈ. પણ અહરોનની લાકડી તેમની લાકડીઓને ગળી ગઈ. તેમ છતાં રાજાએ હઠ છોડી નહિ અને પ્રભુએ કહ્યું હતું તેમ, મોશે અને અહરોનની વાત કાને ન ધરી.

બાઈબલ 'મહાપ્રસ્થાન' ના ગ્રંથના 7,8 અને 9 અધ્યાયોમાં વર્ણવેલી દસ મરકીઓ પૈકી કેટલીક મરકીમાં અહરોન પોતાની લાકડી સાથે આગવો ભાગ ભજવે છે. અહરોને મિસરના નાઈલ નદીમાં નાં પાણી ઉપર ઘા કરવાથી નાઈલનું પાણી લાહી બની ગયું. પછી પ્રભુના આદેશથી અહરોને લોકડી સાથે પોતાનો હાથ મિસરની નદીઓ ઉપર, નહેર ઉપર અને તળાવડાંઓ ઉપર ફેલાવતાં આખા મિસર દેશ ઉપર દેડકાં ચઢી આવ્યાં.

આમ, મોશે સાથે રહીને અહરોને મિસરમાં પાંચેક મરકીઓના ચમત્કાર કરવામાં આગવો ભાગ ભજવ્યો. બીજી પાંચ મરકીઓની વાતમાં અહરોનનું નામ નથી. ફક્ત મોશેનું જ નામ મળે છે. અંતે હારીને રાજા ફારુન અને તેના અમલદારો ઈસાયલીઓને મિસર બહાર જવા દે છે. તે વખતે મોશે 80 વર્ષનો હતો અને હારુન 83 વર્ષનો થયો હતો.

પોતાના દેશ તરફના પ્રયાણમાં ઈસાયલીઓને રાતો સમુદ્ર ચમત્કારિક રીતે પસાર કર્યો ત્યાર બાદ અમલેકીઓ હિરત કરતી ઈસાયલી પ્રજા સામે યુદ્ધે ચઢયા. યુદ્ધ વખતે મોશે, અહરોન અને મોશેનો દીકરો દૂર ડૂંગરની ટોચે ચડી ગયા. જયાં સુધી મોશે પોતાના હાથ ઊંચા રાખતો ત્યાં સુધી ઈસાયલોનો વિજય થયો.

પછી દસ આજ્ઞાઓ મેળવવા માટે મોશે લોકોની સંભાળ રાખવાનું કામ અહરોનને સોપીને જાતે સિનાઈ પર્વત ઉપર ચડી ગયો.

મોશેને પર્વત ઉપરથી આવતાં વિલંબ થાય છે એ જોઈને લોકોએ અહરોન આગળ ભેગા થઈને કહ્યું. "મોશેને શું થયું છે એની અમને ખબર નથી. કો અમારી આગળ-આગળ ચાલે એવા દેવો અમને બનાવી આપ."

અહરોને લોકો પાસેથી તેમનાં સૌનાં ઘરેણાં લઈને તે ધાતુને બીબામાં ઢાળી અને એક પોઢિયાની મૂર્તિ બનાવી લોકોને આપી. પોઠિયાની મૂર્તિથી લોકોને ખૂબ ખુશ થતાં જોઈને અહરોને તેની આગળ એક યજ્ઞવેદી બાંધી અને એવી જાહેરાતસ કરી કે, "આવતીકાલે પ્રભુના માનમાં ઉત્સવ થશે."

બીજા દિવસે લોકો આહુતિ આપીને ખાવાપીવા બેઠા અને મોજમજા કરવા લાગ્યા ત્યારે પ્રભુના આદેશથી મોશે સિનાઈ પર્વત પરથી એકદમ નીચે ઊતરી આવ્યો. લોકોની છાવણીની નજીક આવતાં જ પેલો પોઠિયો અને નાચ જોઈને મોશેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો અને તેણે પર્વતની તળેટીમાં હાથમાંથી તક્તીઓ નીચે પછાડીને ચૂરેચૂરા કરી નાખી.

પછી મોશેએ અહરોનને પૂછ્યું "આ લોકોએ તારું શું બગાડયું છે કે તેં એમને આવા મોટા પાપમાં નાખ્ય ?" અહરોને સ્વબચાવ કરતાં કહ્યું "ગુસ્સે ન થાઓ, ભાઈ, લોકો કેવા દુષ્ટ સ્વભાવના છે, તે તમે સારી રીતે જાણો છે. એ લોકોના કહેવાથી અને લોકોએ લાવેલા સોનાનાં ઘરેણાં મેં અગ્નિમાં નાખ્યાં અને આ પોઠિયો નીકળ્યો."

આ પોઠિયાના પ્રસંગ બાદ મોશેએ લોકો પાસેથી ભેટો ઉઘરાવી અને એમાંથી કુશળ કારીગરોએ થાનકનો તંબુ અને બાવળના લાકાની મંજૂષા બનાવી. મોશેએ પ્રભુના પ્રેર્યા અહરોનને અને તેના દીકરાઓને મિલન-મંડપમાં પ્રવેશદ્વાર આગળ આગળ અભિષેક કરી કાયમના પુરોહિત પદે દીક્ષિત કર્યા.

પણ કોરાહ લેવીએ, રૂબનના વંશના દાથાને અને અબિરામે મોશે અને અહરોન સામે બળવો કર્યો. તેમની સાથે અઢીસો ઈસાયલીઓ ભળ્યા. તેઓ બધા સમાજના આગેવાનો હતા. પંચના ચૂંટેલા અગણીઓ અને પ્રતિષ્ઠિત માણસો હતા. તેઓ બધા પુરોહિતપદની અભિલાષા સુધ્ધાં સેવતા હતા. પણ બળવો કરનાર બધાના પગ નીચે ધરતી ફાટી, મોં પહોળા કરીને તે તેમના કુટુંબોને અને કોરાહનાં બધાં મોણસોને તથા તેમની માલિકીની બધી વસ્તુઓને ગળી ગઈ. ધરતી પાછી સંધાઈ ગઈ.

પછી પુભુના પ્રેર્યા મોશેએ ઈસાયલીઓના દરેક વંશ વતી એકેક એટલે કુલ બાર લાકડી મિલન-મંડપમાં કરાર મંજૂષા સમક્ષ મૂકી. એમાં અહરોનની લાકડી પણ હતી. બીજા દિવસે મોશે તંબૂમાં જઈને જુએ છે તો લેવીના વંશ અહરોનની લાકડીને પીલા ફૂટયા હતા, તેને કળીઓ બેઠી હતી, ફૂલ આવ્યાં હતાં અને પાકી બદામ સુધ્ધાં

લાગી હતી. આ રીતે પ્રભુએ પોતાની સેવાપૂજા માટે પુરોહિતો તરીકે અહરોન અને તેના પુત્રોને પસંદ કર્યા અને અહરોનને કહ્યું. તારા બાપ લેવીના વંશના તારા બીજા જાતભાઈઓને પણ તારે અને તારા પુત્રોએ કરારતંબૂની સેવામાં સાથે રાખવા.

પોતાના દેશ કનાન તરફના પ્રયાણ દરમિયાન રણ પ્રદેશની મુસાફરી વચ્ચે પીવાનું પાણી મળ્યું નહિ અને લોકો મોશે અને અહરોન સામે ફરિયાદ કરવા લાગ્યા. ત્યારે મોશેએ અને અહરોને આખા સમાજના લોકને એક ખડક આગળ ભેગા કર્યા અને પ્રભુના કહ્યા મુજબ મોશેએ ખડર પર બે વાર પોતાની લાકડી પછાડી. તરત જ તે ખડકમાંથી પુષ્કળ પાણી નીકળ્યું અને સૌએ, માણસોએ અને પશુઓએ ધરાઈને પીધું.

પછી પ્રભુએ મોશેને અને અહરોને કહ્યું, “હું ઈસ્રાયલીઓના દેખતાં મારી પવિત્રતાનો પરચો બતાવી શકીશ એટલો તમને મારે વિશે વિશ્વાસ નહોતો, તેથી તમે આ લોકોને હું જે ભૂમિ એમને આપનાર છું તેમાં દોરી જવા નહિ પામો.”

રણ પ્રદેશ વટાવતાં ઈસ્રાયલીઓનો આખો સમાજ રાતા સમુદ્રના દક્ષિણમાં આવેલા હોર પર્વતે આવ્યો. ત્યાં પ્રભુએ મોશેને અને અહરોનને કહ્યું કે અહરોન પિતૃ લોક ભેગા થનાર છે. મોશે અહરોન અને તેના દીકરા એલાઝારને લઈને પર્વત ઉપર ગયા. ત્યાં મોશેએ અહરોનાં પુરોહિતપદનાં વસ્ત્રો ઉતારીને તેના દીકરા એલાઝારને પહેરાવ્યાં. અહરોને પર્વતની ટોચ ઉપર મૃત્યુ પામ્યો અને બધા ઈસ્રાયલીઓએ ત્રીસ દિવસ સુધી એનો શોક પાળ્યો.

તો, અહરોન અંગેની મોટા ભાગની વાતો આપણને બાઈબલના મહાપ્રસ્થાન, કર્મકાંડ અને રણમાં-એમ ત્રણ ગ્રંથોમાં મળે છે. અહરોન પોતાના નાનાભાઈ મોશેની સાથે રહીને ઈશ્વર પ્રભુની આજ્ઞાઓ સ્વીકારે છે. ચમત્કારો કરે છે અને ઈસ્રાયલી પ્રજાની આગેવાની લે છે. છતાં અહરોનનું પાત્ર મોશેની સરખામણીમાં નબળું લાગે છે. અહરોનના પાત્રમાં મોશેના પાત્ર જેવો આધ્યાત્મિક સ્થાપક પ્રભાવ જોવા મળતો નથી. જો કે, ઈસ્રાયલીઓના પ્રથમ વડા પુરોહિત તરીકે અને પુરોહિતપદના સ્થાપક તરીકે અહરોનનું મહત્વ કંઈ ઓછું નથી.

બાઈબલના નવા કરારમાં હિબ્રૂઓ પ્રત્યેના પત્રમાં લેખક કહે છે, “કોઈ માણસને પુરોહિતનું પદ પોતાની પસંદગીથી મળતું નથી, પણ ઈશ્વરના બોલાવ્યાથી તે પુરોહિત થાય છે, જેમ અહરોન થયો હતો.”

એ તો દેખીતું છે કે ઈસાયલી પ્રજામાં અહરોન જેવા પુરોહિતો નહિ પણ મોશે જેવા પયગંબરો જ પ્રજાના મોટા આગેવોનો બની ગયા છે.